# સાત જન્મોનું બંધન ગણાતાં લગ્ન કેમ તૂટે છે?




લગ્ન સાત જન્મોનું બંધન માનવામાં આવે છે. આપણે બાળપણથી કહેવત સાંભળતા આવ્યા છીએ કે સ્ત્રી અને પુરુષની જોડી સ્વર્ગમાં જ બને છે પણ તેને નિભાવવી પડે છે ધરતી પર. એક સમય એવો હતો જ્યારે મોટાભાગે સંયુક્ત કુટુંબ રહેતાં. સોશ્યલ મીડિયાનો જમાનો નહોતો ત્યારે લગ્નને સામાજિક બંધન માનવામાં આવતું. સ્ત્રી પણ લેટ ગોની ભાવના રાખી નિભાવી લેતી એટલે ત્યારે ડિવોર્સનું પ્રમાણ આટલું બધું નહોતું જેટલું અત્યારે વધ્યું છે. અત્યારનાં લોકો ઉચ્ચ શિક્ષિત છે, વિચારોથી બ્રોડ માઇન્ડેડ છે, સ્ત્રી આર્થિક રીતે ઇન્ડિપેન્ડન્ટ બની છે છતાં લગ્ન તૂટવાના કિસ્સા વધવા લાગ્યા છે. હવે તો લગ્નના એક વર્ષની અંદર જ હસબન્ડ-વાઇફ ડિવોર્સ લેવા સુધી પહોંચી જાય છે. તો આવું શું કામ થઇ રહ્યું છે? લગ્ન તૂટવા પાછળનાં વાસ્તવિક કારણો શું છે તે આપણે સુરતની સન્નારીઓ પાસેથી તેમના જ શબ્દોમાં જોઇએ...

## અત્યારના સમયમાં કોઈનામાં સહનશક્તિ નથી રહી, લેટ ગો નથી કરવું : ધર્મિષ્ઠાબેન પાંડવ



અમરોલી વિસ્તારમાં રહેતાં 34 વર્ષીય ધર્મિષ્ઠાબેન હાઉસવાઈફ છે. તેમણે જણાવ્યું કે, ''અત્યારે જો સાસરામાં જોઈન્ટ ફેમિલી હોય તો વહુને એવું લાગે છે કે તેને સ્વતંત્ર લાઈફ નથી મળતી. બીજાના ઘરમાં જેવું છે તેવું આપણા ઘરમાં નથી તેવી તુલના થવા લાગે તો તે મનદુ:ખ કરાવે, તકરાર કરાવે અને આપસી મતભેદ વધી જાય ત્યારે વાત લગ્ન તૂટવા સુધી પહોંચી જાય છે. અત્યારે મોબાઈલ ફોનના જમાનામાં માતા પોતાના સાસરે રહેતી દીકરીને વારે વારે ફોન કરી શું ખાધું, શું કામ કર્યું તેવા પ્રશ્નો કરીને દીકરીના સાસરિયામાં દખલગીરી કરે છે. મેં એક કિસ્સો સાંભળ્યો હતો. માતા પોતાની સાસરે રહેતી દીકરીને દર 15-20 મિનિટે ફોન કરતી જે પતિ અને સાસરિયાના અન્ય લોકોને નહોતું ગમતું જેને કારણે ઘરમાં તકરાર વધવા લાગી અને છેવટે એક જ વર્ષમાં તે છોકરીના ડિવોર્સ થઇ ગયા. અત્યારના સમયમાં કોઈને સહન નથી કરવું. વળી લેટ ગો કરવાની ભાવના નહીં દાખવવામાં આવે તો વાત વણસે છે. બીજાના ઘરમાં જે છે તે આપણા ઘરમાં નથી તેવી અદેખાઈની ભાવના દૂર થઈ જાય તો સંબંધો મજબૂતાઈ પકડે છે.''

## એક્સપેક્ટેશન વધી જાય અને તે ફુલફીલ નહીં થાય ત્યારે વાત વણસે છે: હિરલ શાહ




અડાજણ વિસ્તારમાં રહેતાં 32 વર્ષીય હિરલબેન ક્લિનિકલ ડાયટિશ્યન છે. તેમણે કહ્યું કે, ''હું માનું છું કે રિલેશનશિપમાં એક્સપેક્ટેશન લાવવા કરતાં બોન્ડ ક્રિયેટ કરવામાં આવે તો જીવનને સુખમય બનાવી શકાય પણ હવેની દરેક છોકરીઓ એક્સપેક્ટેશન લઈને ચાલતી હોય છે. તે સ્વતંત્ર ડીસિઝન લેવામાં, પોતાનાં કામ પછી તે ઘરનાં હોય કે બહારનાં પોતાની રીતે કરવા માંગે છે પણ જ્યારે તે પરણીને સાસરે આવે ત્યારે સાસુ, સસરા કે હસબન્ડ એવી અપેક્ષા રાખતાં હોય છે કે વહુ ઘરનાં કામને પહેલા પ્રાથમિકતા આપે. બસ અહીં જ વિચાર ભેદ ઊભો થાય છે અને અહમ ઘવાય છે, ટકરાય છે. જેથી સંબંધો બગડે છે. પહેલાંના સમયમાં ઘણી સ્ત્રીઓ ડિપેન્ડન્ટ હતી. તે ડિવોર્સ લેવાનું ડીસિઝન નહોતી લેતી પણ એડજેસ્ટમેન્ટ કરીને ચલાવી લેતી પણ હવે છોકરીઓ ઇન્ડિપેન્ડન્ટ થઈ ગઈ હોવાથી તે અમુક બાબતો ચલાવી નહીં લેવાનું વલણ દાખવતી હોય છે.''

## બંને પક્ષ લેટ ગો નહીં કરી શકે કે એડજસ્ટમેન્ટ નહીં કરી શકે તો પણ લગ્ન તૂટે છે: રેશમાબેન પંજાબી



પીપળોદ વિસ્તારમાં રહેતાં 48 વર્ષીય રેશમાબેન બેકરી પ્રોડક્ટ્સના વ્યવસાય સાથે જોડાયેલાં છે. તેઓ ઘરેથી જ બેકર્સનું કામ કરે છે. તેમણે જણાવ્યું કે હવેનો સમય એવો છે કે છોકરો હોય કે છોકરી કોઈનામાં પેશન્સ નથી રહ્યું, સહનશક્તિ નથી રહી, લેટ ગો નથી કરવું, એડજસ્ટમેન્ટ નથી કરવું. છોકરી સાસરે એડજસ્ટ નથી કરવા માંગતી. વળી અમુક વખતે છોકરીના પેરેન્ટ્સની ભૂલ હોય છે જેમ કે તેમનું દીકરીના સાસરામાં ઇન્ટરફીયરન્સ વધી જાય. સાસરે નાની-મોટી તકરાર થાય તો તેઓ અમે બેઠા છીએ કહી દીકરીના પક્ષમાં સાસરે તરત દોડી જાય એટલે પણ બંને પરિવારોમાં મનમુટાવ થાય અને વાત વણસીને ડિવોર્સ સુધી પહોંચી જાય. મેં ડિવોર્સનો એક કિસ્સો સાંભળ્યો હતો તેમાં છોકરી રાતે મોડી ઘરે જાય તો સાસુ-સસરા કેમ મોડું થયું પૂછે તો તે પોતાના હસબન્ડને કહી દેતી કે સાસુસસરાની ઇન્ટરફીયરન્સ તે નહીં ચલાવી લે. છોકરીનાં મા-બાપ પણ કહી દે અમારી છોકરી જવાબ આપવા બંધાયેલી નથી અને વાત ડિવોર્સ સુધી પહોંચી ગઈ. જો બંને પક્ષે જતું કરવાની ભાવના હોય, વિશ્વાસની ભાવના કેળવવામાં આવે તો લગ્નજીવન મધુર બની રહે છે.''



## લગ્ન તૂટવા માટે મોબાઈલ ફોન પણ જવાબદાર છે : ગાયત્રીબેન દેસાઈ



પાલ વિસ્તારમાં રહેતાં 69 વર્ષીય ગાયત્રીબેન બેંકમાં જોબ કરતાં હતાં. હાલ તેઓ સેવાનિવૃત્ત છે. તેમણે જણાવ્યું કે, ''આજકાલ જોવા મળે છે કે પતિ-પત્ની સાથે હોય પણ બંને પોત-પોતાના મોબાઈલ ફોનમાં ખોવાયેલાં હોય. આવી સ્થિતિમાં સહજીવન જોવા નથી મળતું. પહેલાં સંયુકત કુટુંબો હતાં. હવે ન્યુક્લિયર ફેમિલી બની ગયાં છે. તેમાં મોટાભાગે એક જ બાળક હોય છે. તે બાળક વિવેક, મર્યાદા જાતે જાળવતા શીખશે એવું મા-બાપ માને છે. અહીં શિક્ષણ છે પણ ગણતર નથી. મા-બાપ દીકરીને પરીની જેમ ઉછેરે અને તે જ્યારે સાસરે જાય ત્યારે તેને અમુક માન-મર્યાદા જાળવવા કહેવાય ત્યારે તે છોકરીને પોતાની આઝાદી છીનવાતી લાગે ત્યારે પણ વિખવાદ ઊભો થાય છે. છોકરીએ યાદ રાખવું જોઈએ કે તે માત્ર પતિને નથી પરણતી તેના કુટુંબને પણ પરણે છે. જેવું તે તેનાં મા-બાપ સાથે વર્તન કરે છે તેવું સાસરિયા પક્ષે પણ કરવું જોઈએ. વહુ નોકરિયાત હોય તો સાસુ-સસરા અને પતિએ જવાબદારી ઉઠાવવાની, એડજસ્ટ કરી લેવાની તૈયારી દાખવવી જોઈએ. જીદ છોડવાની-અહંકાર છોડી જતું કરવાની ભાવના પણ હોવી જોઈએ તો જ સંબંધો નહીં બગડે. જો પ્રેમ, ત્યાગ-સમર્પણ અને વિશ્વાસની ભાવના મજબૂત હોય તો લગ્નજીવન સુમધુર રહે છે.''

## પતિ-પત્ની એકબીજા માટે સમય નહીં આપી શકે, એકબીજા પર ભરોસો નહીં હોય : નીતાબેન જીકાદરા



વરાછા વિસ્તારમાં રહેતાં 34 વર્ષીય નીતાબેન બ્યૂટીપાર્લરનાં સંચાલક છે. તેમણે જણાવ્યું કે, ''અત્યારના સમયમાં સ્ત્રી પણ નોકરી કરે છે, બિઝનેસ સંભાળે છે. એવી સ્થિતિમાં પતિ-પત્ની બંને બિઝી રહેતાં હોવાથી એકબીજાને સમય આપી શકતાં નથી અને એને કારણે તેમની વચ્ચે વાતચીત ઓછી થતી હોય. એવી સ્થિતિમાં પણ લગ્ન લાંબા સમય સુધી નથી ટકતા. વળી, પતિ કે પત્ની પ્રત્યેનો ભરોસો ઓછો થઈ જાય ત્યારે એકબીજા માટે જળવાતા સમ્માનમાં ઓટ આવવા લાગે છે. પહેલાં સંયુકત કુટુંબ હતાં ત્યારે જો પતિ-પત્ની વચ્ચે કોઇ તકરાર થતી તો ઘરના વડીલ તેમની વચ્ચે સમાધાન કરાવી દેતા પણ હવે સંયુક્ત કુટુંબ પ્રથા ભાંગી પડતાં પતિ-પત્ની વચ્ચે સમાધાન કરાવનાર કોઇ નથી હોતું. મેં એક કિસ્સો સાંભળ્યો હતો. પત્નીને પૈસાનો મોહ હતો. તેને મોજશોખ કરવા, મોંઘી વસ્તુઓ ખરીદી પોતાનું સ્ટેટ્સ સિમ્બોલ બીજા સામે દેખાડવાનું વળગણ હતું. આ કિસ્સામાં જ્યારે પતિના બિઝનેસમાં ઓટ આવવા લાગી ત્યારે તેણે પતિને સપોર્ટ આપવાને બદલે તેની પાસેથી છૂટાછેડા લઈ લીધા. લગ્નજીવનમાં બંને પક્ષે આપસી સમજદારી હોય તો સંબંધો મજબૂત બને છે.''

## વહુને દુનિયા સામે દીકરીની જેમ દેખાડાય છે પણ તેવી રાખવામાં નહીં આવે ત્યારે પણ લગ્ન તૂટતા હોય છે: મિતાબેન કાછેલા



પાર્લેપોઇન્ટ વિસ્તારમાં રહેતાં 50 વર્ષીય મિતાબેન ગારમેન્ટ્સના બિઝનેસ સાથે સંકળાયેલાં છે. તેમણે જણાવ્યું કે, ''અત્યારે એવું થયું છે કે અમારી જનરેશનની મધર પોતાની દીકરી માટે એવું માને છે કે મેં જે સહન કર્યું તે મારી દીકરીએ સહન નહીં કરવાનું. પહેલાં મોબાઈલ ફોન નહોતા એટલે સાસરે રહેતી દીકરી સાથે એટલી વાતો નહીં થતી. જ્યારે હવે મોબાઈલ ફોનના જમાનામાં માતા -પિતાની સાસરે રહેતી દીકરી સાથે વાતચીત વધી ગઈ છે અને એના કારણે તેમનું દીકરીના સાસરિયામાં ઇન્ટરફીયરન્સ વધી ગયું છે. બીજી બાજુ સાસુ પણ દુનિયા સામે વહુને દીકરીની જેમ દેખાડે છે પણ ખરેખર એવી રાખતી નથી એવું પણ જોવા મળે છે. ડિવોર્સના એક કિસ્સામાં મધ્યમ વર્ગની છોકરીના પૈસાદાર ઘરમાં મેરેજ થયા હતા. સાસરિયાના ફેમિલી વેલ્યુઝ અલગ હતા સાથે ડિનર કરવા કે ફરવા જવું તેવું તે માનતા પણ આ છોકરીને એકલા રહેવું હતું અને તેનો પતિ તેનાં માતા-પિતા સાથેના સંયુક્ત કુટુંબમાં રહેવા માંગતો હતો. આવી સ્થિતિમાં તે છોકરી ડિવોર્સ લઈને અલગ થઈ ગઈ હતી. જો સંયુક્ત કુટુંબમાં એડજસ્ટ થઈને રહેવામાં આવે અને સાસરિયાં પણ વહુને દીકરીની નજરથી જુએ તો સંબંધો તૂટે નહીં પણ વધારે મજબૂત બને.''

**પહેલાંના સમયમાં સહજતાથી લગ્ન તૂટતા નહોતા પણ હવે આધુનિક સમયમાં ડિવોર્સના કેસ વધી રહ્યા છે. તેની પાછળ ઘણાં ફેક્ટર્સ રહ્યાં છે. હવે તો એવું પણ જોવા મળે છે કે લોકો ન્યુક્લિયર ફેમિલીમાં રહે છે જેને કારણે એક જ વ્યક્તિ પાસેથી ઘણી બધી અપેક્ષાઓ રાખવામાં આવે છે જેને કારણે તે વ્યક્તિ દબાણની સ્થિતિ અનુભવે છે. લગ્નેતર સંબંધો (એક્સ્ટ્રા મેરિટલ અફેર ) પણ લગ્ન ઝડપથી તૂટવાનું કારણ બન્યા છે. સોશ્યલ મીડિયાને કારણે પાર્ટનરની બીજા સાથે ઝડપથી વધતી મિત્રતાને કારણે પતિ-પત્ની વચ્ચે અવિશ્વાસ, બેવફાઈ વધે છે અને લગ્ન તૂટે છે. પતિ-પત્ની વચ્ચે વિશ્વાસ જળવાયેલો રહે, સાસરિયા વહુને દીકરીની નજરે જુએ, માતાપિતા દીકરીના સાસરામાં ઓછી દખલગીરી કરે તો સંબંધો વણસવાના ઘણા ઓછા થઈ જાય.**